# શાપિત સૌંદર્યની શાનદાર રાજકુમારી પરવીન બાબી



સૌરાષ્ટ્રના જૂનાગઢમાં બાબી રાજવંશની હવેલીમાં 1954માં જન્મેલી પરવીન બાબી બાળપણથી જ વિદ્રોહી હતી. રાજગૌરવ ને વૈભવમાં ઉછરેલી પરવીનમાં આત્મવિશ્વાસ ને આઝાદીની તડપ જન્મજાત હતી. જૂનાગઢમાં શાળા-કોલેજમાં નાનામોટા ગુજરાતી નાટકો પણ કર્યા. પછી ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ આવી. કોલેજમાં એની સુંદરતા ને સેક્સ-અપીલ, સિગરેટ પીવાની અદા વગેરેએ ત્યારના સંકુચિત શહેરમાં ચકચાર જગાવેલી. એ દરમિયાન ફિલ્મ નિર્દેશક બી. આર. ઈશારાની નજર પરવીન પર પડી ને ફિલ્મ 'ચરિત્ર'માં જામનગરના હેંડસમ સ્ટાર-ક્રિકેટર સલિમ દુરાની સામે હીરોઈન બનાવી.

મુંબઈએ પરવીનને ઓળખ આપી ને સિનેમાએ સ્ટાર બનાવી. સિત્તેરના દાયકામાં બોલીવૂડમાં હીરોઈન ઈમેજ એટલે 'શરમાળ ને સંયમી કન્યા'. પરવીન બાબીએ એ વ્યાખ્યા તોડી નાખી. એ બિકિનીમાં આવી, વેસ્ટર્ન વસ્ત્રોમાં આત્મવિશ્વાસ સાથે પડદા પર છવાઈ ગઈ. ભારતીય સિનેમામાં મોડર્ન ને આઝાદ ઔરતની નવી જ ઈમેજ ઊભી કરી.

'દીવાર', 'નમક હલાલ', 'કાલિયા', 'અમર અકબર એન્થની', 'મહાન'ફિલ્મોમાં પરવીન-અમિતાભની જોડી ખૂબ જામેલી. એની સ્ક્રીન પ્રેઝન્સ અને ગ્લેમરને લીધે ત્યારના યુવાનો માટે પરવીન, પોસ્ટર ગર્લ બની, એક સ્વપ્ન-સુંદરી! ગોસિપ મેગેઝિનના કવર્સ, વિદેશી પ્રવાસો, ફાઈવ સ્ટાર હોટેલ્સની પાર્ટીઓ, શરાબ, ડ્રગ્ઝ વગેરે એની લાઈફ સ્ટાઈલ બની ગઈ પરંતુ આ ચમકદમકની અંદર ધીમે ધીમે એનામાં એક અદૃશ્ય ડર જનમતો ગયો.

પરવીન અત્યંત સંવેદનશીલ સ્ત્રી હતી. જેને ચાહતી એને પૂરા મનથી પ્રેમ કરતી. ડેની ડેન્ઝોંગપા સાથે પરવીનનો બહુ લાંબો સંબંધ રહ્યો. ત્યાર બાદ કબીર બેદી એના જીવનમાં આવ્યો. હેંડસમ કબીર તે સમયનો આંતરરાષ્ટ્રીય સ્ટાર હતો ને 'સંદોકન'નામની મિનિ-ટીવી સીરીઝ પછી એ યુરોપમાં ખૂબ લોકપ્રિય હતો. પરવીન, કબીરની સાથે ઈટલી ગઈ પણ ઈટલીમાં કબીરને લોકો ઓળખતા હતા, પરવીનને નહીં. સ્ટાર પરવીન એ અવહેલના ઝેલી ના શકી. રોમમાં ઈટાલિયન અભિનેત્રી જીના લોલોબ્રિજિડા તરફથી બેઉને ડિનરનું આમંત્રણ મળ્યું. જીનાએ કબીરનું ભવ્ય સ્વાગત કર્યું પરંતુ પરવીન સાથે વાત પણ ના કરી. ડાન્સ દરમિયાન જીનાએ પરવીનને પૂછ્યું કે તે અહીં શું કરી રહી છે? પરવીને જવાબ આપ્યો: ''હું મારા પ્રેમી સાથે આવી છું કેમ?''કબીરે પરવીનને શાંત પાડતા કહ્યું કે તે જીનાથી વધારે સુંદર છે એટલે જીના ઈર્ષા કરે છે. પરંતુ પરવીન આ અપમાન સહન કરી શકી નહીં અને બંને ડિનર પહેલાં જ પાર્ટી છોડીને નીકળી ગયાં. આ ઘટનાએ પરવીનના મનની અસુરક્ષાને વધુ ને વધુ ઘેરી બનાવી દીધી. પછી ત્યારના ફ્લોપ ડિરેક્ટર મહેશ ભટ્ટ, પરવીનના જીવનમાં આવ્યા. બંને લિવ-ઈન સંબંધમાં રહ્યાં. એ સમયગાળામાં જ પરવીનની માનસિક સ્થિતિ ઝડપથી બગડવા લાગી. ૧૯૭૯ની એક સાંજે મહેશ, જુહૂમાં પરવીનના ફ્લેટમાં ગયા. બહાર પરવીનની મા ઊભી હતી. તેમણે ભટ્ટને ધીમેથી કહ્યું: ''પરવીનની હાલત સારી નથી.''મહેશ ભટ્ટ, અંદર ગયા ત્યારે બેડરૂમમાં પરફ્યુમની તીવ્ર સુગંધ ફેલાઈ હતી. ડ્રેસિંગ ટેબલ પર અનેક પરફ્યુમની બોટલો લાઈનમાં ગોઠવેલી. પરવીન, દીવાલ ને પથારી વચ્ચેની સાંકડી જગ્યા પાસે ફિલ્મી કપડાંઓ વચ્ચે બેઠી હતી. એના હાથમાં રસોડાનું ચાકુ હતું. એ ટોર્ચના પ્રકાશની સામે ડરી ગયેલ પ્રાણી જેવી લાગતી હતી.

### સંગત સિતારોં કી

★ સંજય છેલ

જ્યારે મહેશ ભટ્ટે એને પૂછ્યું કે એ શું કરી રહી છે, ત્યારે પરવીને તેમને ચૂપ રહેવાનો ઈશારો કર્યો ને ધીમેકથી કહ્યું કે કોઈ એને મારી નાખવા માંગે છે! એણે કહ્યું કે છત પરનું ઝૂમર એના પર પાડવામાં આવશે. પછી એણે ભટ્ટનો હાથ પકડી તેમને રૂમમાંથી બહાર ખેંચી કાઢ્યા.

આ ઘટના વિશે ભટ્ટે અનેક સાયકાયટ્રિસ્ટ્સ સાથે ચર્ચા કરી પરંતુ પરવીનની સ્થિતિ સુધરતી જ નહોતી. એ પોતાના જ ઘરમાં ગભરાઈને આમતેમ શંકામાં ફરતી રહેતી. ક્યારેક કહેતી કે એ.સી.માં ઝેરી જીવડો છે જે એને મારવા માંગે છે. મહેશ ભટ્ટે એ.સી. ખોલાવી બતાવ્યું છતાં પરવીનનો ભ્રમ દૂર જ થતો નહોતો. ક્યારેક તે કહેતી કે જીવડો પરફ્યુમમાં છે. ક્યારેક કહેતી કે પંખામાં છે. નિષ્ફળ મહેશ ભટ્ટ, પરવીનની મદદથી સંઘર્ષના દિવસો ગુજારતા. એક વાર અચાનક પરવીન ચીસ પાડવા લાગી કે કારમાં બોમ્બ છે. એણે ચાલતી કારમાંથી કૂદવાની પણ કોશિશ કરી. મહેશ ભટ્ટે, માંડ માંડ પરવીનને સંભાળી લીધી. રસ્તા પર લોકોને લાગ્યું કે એ બંને વચ્ચે ઝઘડો ચાલી રહ્યો છે, જ્યારે હકીકતમાં મહેશ ભટ્ટ એનો જાન બચાવી રહ્યા હતા.

પરવીન 'સ્કિઝોફ્રેનિયા'નામની ગંભીર માનસિક બીમારીથી પીડાઈ રહી હતી. જેમાં દર્દીને સતત જાતજાતના ભ્રમ થાય. પરવીનને લાગતું કે અમિતાભ, એને મારવા માંગે છે. ઘણી વાર એ પ્રિન્સ ચાર્લ્સને પણ પોતાના જાનનો દુશ્મન ગણાવતી! આ ભય ને શંકાને લીધે પરવીને પોતાની દુનિયાને એકલતામાં સંકોરી લીધી.

**"મને લોકો સમજતા જ નથી. હું ખૂબ ડરી ગઈ છું"... "કોઈ મારા જાન પાછળ છે. મને મારી નાખવા માંગે છે....''  "એ ખૂબ સુંદર હતી, ખૂબ બુદ્ધિશાળી હતી, પરંતુ અત્યંત એકલી હતી."**

૧૯૮૪ની આસપાસમાં પરવીન અચાનક, ફિલ્મો છોડીને, ભારત છોડીને વિદેશ ભાગી ગઈ. અમેરિકા, લંડન ને સ્વિટ્ઝર્લેન્ડમાં ફરી. આધ્યાત્મિક શાંતિની શોધમાં ઓશોના આશ્રમમાં ગઈ ને પછી યુ. જી. કૃષ્ણમૂર્તિ પાસે રહી પણ ભયભીત મનને ક્યાંય શાંતિ મળી નહીં.

૧૯૮૯માં મુંબઈ પાછી આવી, પણ બોલિવૂડથી બિલ્કુલ દૂર રહી. જુહૂના ફ્લેટમાં સાવ એકલી એકાંતમાં જીવવા લાગી. દિવસો સુધી ઘરની બહાર નીકળતી નહીં, બારીઓ બંધ રાખતી. કોઈ કરતાં કોઈને મળતી નહીં. મને બરોબર યાદ છે જુહૂ તારા રોડ પર હું કારમાં હતો ને પરવીન રિક્ષામાં, ફૂલાઈને જાડી થઈ ગયેલી એવા એના ફોટા જોયેલા. મેં એની સામે જોયું ને એણે ગાળો આપવા માંડી. મેં ડ્રાઈવરને કાર ભગાવવા કહ્યું. એ વિસ્ફારિત આંખો હું ક્યારેય નહીં ભૂલી શકું કારણ કે 1983માં હું ટીનએજર હતો ત્યારે મેં પરવીનને મારા ડ્રેસ ડિઝાઈનર આન્ટી સ્વ. લીના દરુના ઘરે જોયેલી. ત્યારે 'રૂપ રૂપનો અંબાર'શબ્દ મને પહેલી વાર સમજાયેલો!  આખરે 20 જાન્યુ. ૨૦૦૫માં એક દૌરની સૌથી સેક્સી ને હસમુખ અભિનેત્રીનું જીવન દિવસે (કે રાતે?) ખતમ થયું. પરવીનના ઘરની બહાર અખબાર ને દૂધના પેકેટના ઢગલા જમા થવા લાગ્યા. ત્રણ દિવસ પછી ફ્લેટનો દરવાજો તોડવામાં આવ્યો. અંદર પરવીન બાબી સડેલી હાલતમાં મૃત મળી આવી. પોસ્ટમોર્ટમ મુજબ એ ડાયાબિટીસથી પીડાતી હતી, પગમાં ગેન્ગ્રીન થયેલું અને લાંબા સમયથી બરોબર જમી પણ નહોતી.

હમણાં ૪ અપ્રિલે જ એ શાપિત સૌંદર્યાનો જન્મદિવસ ગયો.

# આરબ રાષ્ટ્રો ટ્રમ્પના ATM!



વર્ષ ૨૦૨૬માં વિશ્વ ફરી એક વાર એવા મોડ પર આવીને ઊભું છે જ્યાં મુત્સદ્દીગીરી અને વ્યાપાર વચ્ચેની રેખા ભૂંસાઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઈટ હાઉસમાં પરત ફર્યા બાદ અમેરિકાની વિદેશ નીતિ હવે 'ન્યાય' કે 'લોકશાહી'ના આદર્શો પર નહીં પણ 'ડેબિટ' અને 'ક્રેડિટ'ના ખાતા પર ચાલી રહી છે. ઈરાન સાથે વધતા જતા તણાવ અને સંભવિત યુદ્ધની વચ્ચે, ટ્રમ્પ પ્રશાસને આરબ દેશો પાસે જે આર્થિક સહાયની માગ કરી છે, તેણે વિશ્વને ચોંકાવી દીધું છે. આ માત્ર એક લશ્કરી સહાયની માગ નથી પરંતુ વૈશ્વિક સુરક્ષા વ્યવસ્થાને 'પે-ટુ-પ્લે' મોડેલમાં ફેરવવાનો ખતરનાક પ્રયાસ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ હંમેશાં માનતા આવ્યા છે કે અમેરિકા દુનિયાનો 'મફત ચોકીદાર' નથી. તેમના મતે, જો અમેરિકન સૈનિકો પશ્ચિમ એશિયામાં ઈરાન જેવા ખતરા સામે લડે છે અને તેલના કૂવાઓની રક્ષા કરે છે, તો તેનો આર્થિક બોજ માત્ર અમેરિકન ટેક્સપેયર્સ પર કેમ હોવો જોઈએ? વ્હાઈટ હાઉસનો તર્ક સ્પષ્ટ છે- ઈરાન સાથેનું યુદ્ધ જો અનિવાર્ય બને તો તેનો સૌથી વધુ ફાયદો સાઉદી અરેબિયા, યુએઈ અને કતાર જેવા દેશોને થશે કારણ કે તેમનો મુખ્ય પ્રાદેશિક દુશ્મન નબળો પડશે. તેથી, આ યુદ્ધમાં વપરાનારાં શસ્ત્રો, મિસાઈલો અને લોજિસ્ટિક્સનો ખર્ચ આરબ દેશોએ ઉઠાવવો જોઈએ. આ અભિગમ આધુનિક ઈતિહાસમાં અભૂતપૂર્વ છે, જ્યાં એક મહાસત્તા ખુલ્લેઆમ યુદ્ધ લડવા માટે 'ભાડું' માગી રહી છે.

સાઉદી અરેબિયા અને તેના સાથી દેશો માટે આ પરિસ્થિતિ 'સૂડી વચ્ચે સોપારી' જેવી છે. એક તરફ ઈરાનનો ભય, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ અને તેની વધતી જતી સૈન્ય તાકાત આરબ રાજાશાહીઓ માટે અસ્તિત્વનો ખતરો છે. તેઓ ઈચ્છે છે કે અમેરિકા ઈરાનને અંકુશમાં રાખે. બીજી તરફ આર્થિક અને રાજકીય જોખમ. જો તેઓ અમેરિકાને અબજો ડોલરની સૈન્ય સહાય આપે છે, તો આરબ જનતામાં એવો સંદેશ જશે કે તેમના શાસકો અમેરિકાનાં પ્યાદાં છે. વળી, વિઝન ૨૦૩૦ જેવા મોટા પ્રોજેક્ટ્સમાં રોકાયેલા સાઉદી અરેબિયા માટે આટલો મોટો આર્થિક બોજ ઉઠાવવો સરળ નથી.

ટ્રમ્પની આ માગણી આરબ દેશોને એક એવી સુરંગમાં ધકેલી રહી છે, જ્યાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. જો તેઓ પૈસા નથી આપતા, તો અમેરિકા પશ્ચિમ એશિયામાંથી પીછેહઠ કરવાની ધમકી આપી શકે છે, જે ઈરાનને ખુલ્લું મેદાન આપી દેશે. ઈરાન આ સમગ્ર ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. અમેરિકા દ્વારા પૈસા માગવાની ઘટનાને ઈરાન પોતાની નૈતિક જીત તરીકે જોઈ રહ્યું છે. ઈરાનનો દાવો છે કે અમેરિકા અંદરથી ખોખલું થઈ ગયું છે અને તે પોતાના દમ પર યુદ્ધ લડવાની ક્ષમતા ગુમાવી બેઠું છે. ઈરાન એ વાતને પણ પવન આપી રહ્યું છે કે આરબ દેશોના પૈસાનો ઉપયોગ મુસ્લિમ રાષ્ટ્રો સામે જ કરવામાં આવશે, જે પ્રાદેશિક અસ્થિરતામાં વધારો કરી શકે છે.

જો આરબ દેશો આ યુદ્ધ ફંડમાં જોડાય છે, તો તેની સીધી અસર કાચા તેલના ભાવ પર પડશે. યુદ્ધનો ખર્ચ કાઢવા માટે આરબ દેશો તેલના ઉત્પાદનમાં ઘટાડો કરી શકે છે અથવા ભાવમાં વધારો કરી શકે છે. આનાથી ભારત જેવા તેલ આયાત કરતા દેશો માટે મોંઘવારીનું નવું સંકટ ઊભું થઈ શકે છે. ટ્રમ્પનું આ 'યુદ્ધનું બિલ' માત્ર આરબ દેશોએ જ નહીં પણ પરોક્ષ રીતે આખા વિશ્વે તેલના ભાવ દ્વારા ચૂકવવું પડી શકે છે.



**ટ્રમ્પનું આ 'યુદ્ધનું બિલ' માત્ર આરબ દેશોએ જ નહીં પણ પરોક્ષ રીતે આખા વિશ્વે તેલના ભાવ દ્વારા ચૂકવવું પડી શકે**

આ ઘટના એ વાતનું પ્રતીક છે કે હવે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં 'નૈતિકતા' કે 'મૈત્રી'નું સ્થાન 'વ્યાપારી કરારો' એ લઈ લીધું છે. ટ્રમ્પ પ્રશાસન જે રીતે સોદાબાજી કરી રહ્યું છે, તેનાથી અમેરિકાની છબી એક 'રક્ષક' ને બદલે 'ભાડૂતી સૈન્ય' જેવી બની રહી છે. જો આજે ઈરાન માટે પૈસા માગવામાં આવે છે તો કાલે એશિયામાં ચીન સામેના રક્ષણ માટે જાપાન કે દક્ષિણ કોરિયા પાસે પણ આવી જ માગણી થઈ શકે છે.

### લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

ભારત માટે આ પરિસ્થિતિ અત્યંત જટિલ છે. જો પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળે અને આરબ દેશો તેનો ખર્ચ ઉઠાવતા હોય તો ભારતને મોંઘું તેલ ખરીદવું પડશે. આરબ દેશોમાં લાખો ભારતીયો વસે છે. જો યુદ્ધને કારણે ત્યાંની અર્થવ્યવસ્થા પર દબાણ આવે તો ભારતીય કામદારોની નોકરીઓ અને સુરક્ષા જોખમમાં આવી શકે છે. ભારતનું ઈરાન અને આરબ દેશો બંને સાથે મિત્રતાભર્યું વલણ છે. અમેરિકાની આ 'બળજબરીવાળી વસૂલાત' થી પ્રદેશમાં જે અરાજકતા ફેલાશે, તેમાં ભારતે ખૂબ જ સાવચેતીપૂર્વક ચાલવું પડશે.

ડોનાલ્ડ ટ્રમ્પનું આ કદમ સાબિત કરે છે કે ૨૦૨૬માં 'સુપરપાવર' હોવાનો અર્થ બદલાઈ રહ્યો છે. અમેરિકા હવે વિશ્વની જવાબદારી ઉઠાવવા માગતું નથી પણ વિશ્વ પર શાસન કરવા માગે છે. આરબ દેશોને આર્થિક રીતે નીચોવીને યુદ્ધ લડવાની આ યોજના સફળ થશે કે કેમ તે તો સમય જ બતાવશે પણ આનાથી પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવાને બદલે શસ્ત્રોની સ્પર્ધા અને નફરતમાં વધારો થવો નિશ્ચિત છે.

અંતે, યુદ્ધ ગમે તે લડે અને ખર્ચ ગમે તે ઉઠાવે પણ તેની કિંમત તો હંમેશાં સામાન્ય જનતાએ જ ચૂકવવી પડે છે. ટ્રમ્પનું વ્હાઈટ હાઉસ આજે આરબ દેશો પાસે જે ચેકબુક માગી રહ્યું છે તે હકીકતમાં શાંતિનું મૃત્યુપત્ર સાબિત થઈ શકે છે. જો મુત્સદ્દીગીરી માત્ર નફા અને નુકસાનના ગણિત પર ટકી જશે તો દુનિયા ફરી એક વાર અંધકાર યુગમાં ધકેલાઈ જશે, જ્યાં શક્તિશાળી લોકો નબળાઓના પૈસાથી પોતાની મહત્ત્વાકાંક્ષાઓ પૂરી કરતા હતા.

આરબ રાષ્ટ્રોએ હવે વિચારવું પડશે કે શું તેઓ અમેરિકાના 'એટીએમ' બનવા માગે છે કે પછી પોતાના પ્રદેશમાં સન્માનજનક શાંતિ સ્થાપવા માટે કોઈ સ્વતંત્ર રસ્તો શોધવા માગે છે. બીજી તરફ, અમેરિકાએ પણ એ સમજવું પડશે કે નેતૃત્વ પૈસાથી નથી મળતું પણ વિશ્વાસ અને નૈતિકતાથી મળે છે. ૨૦૨૬નું આ 'સમર ઓફ વોર' હજુ તો શરૂઆત છે, અસલી ક્લાઈમેક્સ તો ત્યારે આવશે જ્યારે આ યુદ્ધનું બિલ સામાન્ય માણસના ઘર સુધી પહોંચશે.



# આંતરરાષ્ટ્રીય રમત દિવસ

રમત એટલે શારીરિક, માનસિક તથા બૌદ્ધિક ક્ષમતા અનુસાર કૌશલ્ય અને નિયમોના આધારે આકાર લેતી પ્રબળ પ્રવૃત્તિ. રમત મનોરંજન આપે તો આપે જ પણ સાથે સાથે આરોગ્ય સુધારે અને વ્યક્તિમાં ટીમવર્ક, શિસ્ત અને સ્પર્ધાની ભાવના વિકસાવે છે. દર વર્ષની ૬ઠ્ઠી એપ્રિલે આંતરરાષ્ટ્રીય રમત દિવસ ઉજવવામાં આવે છે. યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરીને આ પ્રથા વર્ષ ૨૦૧૩થી શરૂ



કરવામાં આવી હતી. દિવસ તરીકે ૬ઠ્ઠી એપ્રિલનું મહત્વ એ છે કે આ દિવસે વર્ષ ૧૮૯૬માં પ્રથમ આધુનિક ઓલિમ્પિક રમતોત્સવ શરૂ થયો હતો. આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય હેતુ વૈશ્વિક સ્તરે રમત દ્વારા વિકાસ અને શાંતિને પ્રોત્સાહન આપવાનો છે. તેની સાથે રમત દ્વારા વિશ્વમાં એકતા, સહકાર તથા નિર્દોષ મનોરંજન માટેની સંભાવના પણ જોડાયેલી છે. આ દિવસ લોકોને એમ જણાવે છે કે રમત માત્ર રમત નથી, પરંતુ સમાજને જોડવા અને અને તેનો વિકાસ સાધવા માટેની મહત્વની તક છે. યુનાઈટેડ નેશન્સ આ દિવસે અનેક પ્રવૃત્તિઓ કરે છે. રમતનું આયોજન થાય છે, રમતના વિષય પર ચર્ચા અને સેમિનાર આયોજાય છે, ચોક્કસ રમત માટે કાર્યશાળાનું આયોજન થતું હોય છે, વિવિધ વ્યક્તિ તથા સંસ્થાને 'પ્રોત્સાહન રકમ' અપાય છે તો ક્યાંક ખાસ બાળકો માટે કાર્યક્રમનું આયોજન થાય છે. આ બધાં પાછળની મૂળ ભાવના એ જણાવવાની છે કે રમત માત્ર જીત-હાર માટે નથી. તે શાંતિ, મિત્રતા અને માનવ વિકાસ માટે પણ મહત્વની ભૂમિકા ભજવી શકે.  આંતરરાષ્ટ્રીય રમતનું આયોજન ક્યારેક હિંસક પણ બની શકે. ઘણી વખત રાજકીય, સામાજિક અથવા રાષ્ટ્રીય કારણોસર રમતની સાચી ભાવનાને નુકસાન થયું હોય તેવી ઘટનાઓ પણ બની છે. વર્ષ ૧૯૭૨માં મ્યુનિક ઓલિમ્પિકમાં ઈસ્લામી આતંકવાદીઓએ ઈઝરાયેલના ખેલાડીઓને બંધક બનાવ્યાં હતાં, જેમાંના ૧૧ રમતવીરોનું મૃત્યુ પણ થયું હતું. ઓલિમ્પિક રમતના શાંતિ અને મિત્રતાના સંદેશાને ગંભીર રીતે નુકસાન પહોંચાડનારી આ ઘટના હતી. વર્ષ ૧૯૮૦માં રાજકીય કારણોસર મોસ્કોમાં યોજાયેલા ઓલિમ્પિકનો અમેરિકા અને તેના સાથી દેશોએ બહિષ્કાર કર્યો હતો. આ ઉપરાંત અન્ય ઉદાહરણો પણ છે, જેનાથી એ વાત સમજી શકાય કે સમાજમાં 'શાંતિ અને વિકાસ' માટે આંતરરાષ્ટ્રીય રમત દિવસની ઉજવણીનું શું મહત્વ છે.  રમતની ભાવનાનું સન્માન થવું જોઈએ, પરસ્પરનો મતભેદ કે દ્વેષ દૂર થાય તેવાં પ્રયત્ન થવાં જોઈએ, શિસ્તની આવશ્યકતા બધાએ સમજવી પડે અને પ્રત્યેક પરિપ્રેક્ષ્યમાં સકારાત્મક તેમજ તંદુરસ્ત વૈશ્વિક માહોલ માટે કૃતનિશ્ચયતા હોવી જોઈએ. આંતરરાષ્ટ્રીય રમત દિવસ આ માટે ઈચ્છાશક્તિ સર્જાય તેવી તક ઊભી કરી શકે. રમત જ્યારે રાજકારણ કે રાષ્ટ્રીય ગૌરવ જેવી બાબતો પર વધુ કેન્દ્રીત થવા માંડે ત્યારે એક પ્રકારનું માનસિક દબાણ ઊભું થાય. આ દબાણની માત્રા જો વધી જાય તો રમતની સાચી ભાવનાને નુકસાન પહોંચાડીને પણ રાજકારણ કે રાષ્ટ્રીય ગૌરવને, પોતાની દ્રષ્ટિ પ્રમાણે, 'સાચવી' લેવાનો પ્રયત્ન થાય.

### આંખની અટારી

★ હેમુ ભીખુ

રમત માનવીની શારીરિક, માનસિક, બૌદ્ધિક તેમજ સામાજિક વિકાસ માટે એક મહત્વની ઘટના છે. રમત દ્વારા ટીમ વર્ક અને નેતૃત્વની ક્ષમતા વિકસી શકે, શિસ્ત અને સમય પાલનનું મહત્વ જાણી શકાય, શારીરિક-માનસિક-બૌદ્ધિક ક્ષમતા વચ્ચેનાં સમન્વયનું સમીકરણ સમજી શકાય, જીવનની નાની નાની બાબતો પ્રત્યે પણ ધ્યાન જાય, યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવાની ટેવ પડી શકે, એકાગ્રતા તેમજ નિર્ણય લેવાની શક્તિ પ્રખર બને અને તેનાંથી આત્મવિશ્વાસ વધી શકે,

**રમત મનોરંજન આપે તો આપે જ પણ સાથે સાથે આરોગ્ય સુધારે અને વ્યક્તિમાં ટીમવર્ક, શિસ્ત અને સ્પર્ધાની ભાવના વિકસાવે છે**

સામૂહિક સહયોગ, સમજ, સહકાર, મિત્રતા અને સહનશીલતાના સામાજિક ગુણ વિકસી શકે. ક્યાંક જીવન અને સમાજમાં સંતુલનનું મહત્વ સમજાય.

આંતરરાષ્ટ્રીય સ્તરે રમતથી જુદાં જુદાં રાષ્ટ્રો વચ્ચે મિત્રતા વધે. સાથે સાથે વ્યક્તિગત ધોરણે સંસ્કૃતિ તેમ જ સામાજિક અગ્રતાક્રમ માટે પરસ્પર સમજ તેમજ સન્માનની શક્યતા વધે. બે સમૂહ વચ્ચે સંવાદ ઉભો થાય જે આગળ જતાં આર્થિક, સામાજિક, બૌદ્ધિક તેમજ તકનિકી સહયોગની સંભાવના ઊભી કરે. આમ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે રમતનું આયોજન થાય ત્યારે પ્રવાસન, હોસ્પિટાલિટી અને વ્યાપાર જેવા ક્ષેત્રમાં આર્થિક વિકાસ થતો હોય છે. આ પ્રકારના ઈવેન્ટને કારણે વિશ્વના વિવિધ દેશો એક મંચ પર આવતા હોય છે, અને બે રાષ્ટ્ર વચ્ચે જો અબોલા હોય તો તે પણ દૂર થઈ શકે. વિશ્વમાં એકતાનો ભાવ પ્રસરે જેનાથી શાંતિનો માહોલ સ્થાપિત થઈ શકે. આંતરરાષ્ટ્રીય રમતોત્સવ દ્વારા જે તે દેશની પ્રતિષ્ઠા પણ વધતી હોય છે.

સુનિયોજિત રીતે નહીં પરંતુ માનવીના સ્વભાવને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે રમતની નકારાત્મક અસર પણ શક્ય છે. ક્યાંક રાષ્ટ્રીય અહંકારનો ટકરાવ થઈ શકે તો ક્યાંક અન્યનાં રાષ્ટ્રીય ગૌરવને હાનિ પહોંચાડવાનો પ્રયત્ન થાય, ક્યાંક જીત માટે રાજકીય દબાણ હોઈ શકે તો ક્યાંક ચોક્કસ વિચારધારાના પ્રચાર માટેની તક ઉભી કરાય, ક્યાંક પોતાનો બિનજરૂરી પ્રભાવ દર્શાવવાનો પ્રયત્ન થાય તો ક્યાંક ચોક્કસ રાજકીય એજન્ડાને વેગ અપાય, ક્યાંક ખેલાડીઓ વિવાદમાં સામેલ થાય તો ક્યારેક વાત હિંસા સુધી પણ પહોંચી જાય. એમ લાગે છે કે માનવીની એ પ્રકૃતિ છે કે દરેક જગ્યાએથી મતભેદ તથા ઘર્ષણની સંભાવના ગોતી કાઢે છે.

રમત જેમ વ્યક્તિગત માનવીના વિકાસ માટેની એક મહત્વપૂર્ણ છે તેમ આંતરરાષ્ટ્રીય રમત વિશ્વસ્તરે મિત્રતા, શાંતિ અને સહકાર વધારવાનું શક્તિશાળી માધ્યમ છે. પરંતુ તેમાં રમતની ભાવના, શિસ્ત, આંતરરાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ જેવી બાબતો માટે ગંભીરતા હોય એ જરૂરી છે. રમત થકી જેમ વ્યક્તિની જીવનશૈલી સુગઠિત થઈ શકે તેમ સમગ્ર સમાજ અને વિશ્વ પણ તંદુરસ્ત બની શકે. વ્યક્તિની અને રાષ્ટ્રની એકલતા ખાળવા રમત આવશ્યક છે.